નમસ્કાર ગાંધીનગર

પમરાટ

એ જ સમજાતું નથી કે કયાં જવાનું હોય છે
એટલે ચાલ્યા વગર પણ થાકવાનું હોય છે !
- વિકી ત્રિવેદી

પાથેય

- રમેશ ઠક્કર

અગમનો આનંદ

દુનિયામાં જે પણ ઘટના સહજ બને છે એનો મહિમા હોય છે.. કહેવાય છે કે ધાર્યું હંમેશાં ધણીનું થાય છે.દરેક પ્રસંગની આગળપાછળ કેટલીય કડીઓ જોડાયેલી હોય છે..એના ચોક્કસ કારણો હોઇ શકે. નિયમ પણ હોઇ શકે... કેટલીક ચીજો આપણે કરવી હોય તો પણ ના કરી શકીએ.અમુક બનાવો આપણે ગમે તેટલા દૂર ભાગીએ તો પણ બનતા જ હોય છે..

ન જાણ્યું જાનકીનાથે..સવારે શું થવાનું છે..' એવી પ્રસિધ્ધ ઉકિત જીવનની આ આકસ્મિકતાને ઉજાગર કરે છે.અને એ જ મજા છે કદાચ જીવવાની..વાસ્તવ એ એવી કિતાબ છે એનાં પૃષ્ઠો એક પછી એક ખુલતાં રહે છે પણ એમાં શું ખુલશે એ રહસ્ય કાયમ અકબંધ રહેતું હોય છે..બંધ મુઠ્ઠીમાં જ માણસ પોતાનો નકશો લઈને ફરતો રહે છે પણ એને ઉકેલવાની લિપી કદાચ એની પાસે હોતી નથી !

આ બાબત આટલી સ્પષ્ટ હોવા છતાં માણસ પોતાના ભાવિ અંગે જાતજાતનાં આયોજન કરતો રહે છે.એમાં વિવેક હોય ત્યાં સુધી તો બરાબર પણ ઘણીવાર તો એ દાવા સાથે કહે છે કે હવે આમ જ બનશે..અમુક દિવસે અમુક કામ આ રીતે જ થશે.લાખ કોશિશો છતાં કોઇપણ વસ્તુ જગતમાં કોઇ એક વ્યકિતના નિર્ધાર ઉપર આકાર પામતી નથી..એ અપવાદ છે કે જગતમાં એવા લોકો પણ આવી ગયા છે કે જે એકલે હાથે પોતાના ભવિષ્યને દિશા આપી ગયા છે..એવા લોકો જૂજ છે અને એમની એ સિધ્ધિને કારણે જ આપણને પણ તાલાવેલી થાય છે કે મારા જીવનનો દોરીસંચાર મારા હાથમાં જ રહે !

આનો અર્થ એવો પણ નથી કે આપણે ફકત જે વસ્તુ જેમ થાય છે એમ જ માનીને અથવા એનો એ રીતે જ સ્વીકાર કરીને જીવવું. નિર્લેપ રહેવું અને કોઇપણ ઘટનાથી પલાયન થવું એ બંને વચ્ચેની ભેદરેખા સમજવામાં જ આવું રહસ્ય છે..ઇશ્વરે આપણને છે બુધ્ધિ આપી છે કે અનુભવોને આત્મસાત કરવાની શકિત આપી છે એના થકી સતત મથતા રહેવું એ આપણા હાથની વાત હોય છે..અને એ રીતે માણસ ઇચ્છે તો પોતાનો ભાગ્યવિધાતા બની શકતો હોય છે..

અગમનાં એંધાણ કોઇ પામી શકતું નથી..આભનો ભેદ આજસુધી અકબંધ છે. ધરતીની કરવટ કયારે બદલાશે એ નક્કી નથી હોતું..માણસ ધારે તો પોતાના જીવનને ઘાટ આપી શકે પણ એની અંતિમ ફલશ્રુતિ શું હશે એ એના હાથની વાત હોતી નથી !

કોરોના વિસ્મૃતિના ભંડકિયામાં પુરાઈ જશે

તંત્રીસ્થાનેથી...

વસંત પંચમી કે અખાત્રીજ જેવાં વણજોયાં મુહૂર્તોની રાહ જોઈને બેઠેલાં પરણવાં કે પરણાવવા જોગ જોડલાં માટે કોરોના વાઈરસે વિલનની ભૂમિકા ભજવી છે. જો કે કાળા માથાનો માનવી તો અમુક મુદ્દે ઈશ્વરને પણ નથી ગાંઠ્યો ત્યાં એ તુચ્છ જીવડાને થોડો ગાંઠશે ? કોરોનાની હાજરી વચ્ચે ધરાર રાજકીય રેલીઓ યોજાતી રહી છે અને લગ્નમા માંડવા પણ રોપાયા છે. મરવાનું તો સૌને છે પણ એ પહેલાં જીવવાનું શું કામ માંડી વાળવું? માનવી આ મુદ્દે બહુ જ મૌલિક વર્તન વ્યવહાર કરતો રહ્યો છે. યુદ્ધિષ્ઠિરે યક્ષને આપેલો જવાબ આટલા લાંબા સમય પછી પણ સાર્થક ઠરે છે. સૃષ્ટિનું સૌથી મોટું આશ્ચર્ય જ એ છે કે માનવીને એક દિવસ મોત આવવાનું છે એની ખબર હોવા છતાં એ બિંદાસ થઈને એવી રીતે બેફિકરાઈથી જીવે છે કે જાણે પોતે અમરપાટો લઈને આવ્યો ના હોય! ચાઈનીઝ વાઈરસ કોવિડ-૧૯થી એક તબક્કે આખી દુનિયા હચમચી ગઈ હતી. માસ્ક પહેરવાનો ઈનકાર કરનારા ડોનાલ્ડ ટ્રંપને પ્રજાએ ફેંકી દીધા હાત. હવે પ્રજા પોતે જ પ્રતિબંધોની સામે મેદાનમાં ઊતરી આવી છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનને સપરિવાર અધિકૃત નિવાસ છોડી સંતાઈ જવું પડ્યું છે. ભારતમાં આધ્યાત્મિક ચેતના ધરાવતા વડાપ્રધાન છે. એમને શરુઆત તો હાકલાં - પડકારા કરી ભૂતને ભગાડતા હોય એ શૈલીમાં કરી હતી. થાળીઓ વગાડી, દીવા પ્રગટાવ્યા, તાળીઓ પડાવી પણ આ હરામની ઓલાદ એમ કોઈની મર્યાદા થોડી જાળવે ? એણે તો રાક્ષસની જેમ માયાવી રુપ ધારણ કરીને માનવીનો કોળિયો જ કરવા માંડ્યો. પહેલી લહેર કરતાં બીજી લહેરમાં તો એણે વિક્રમજનક રન કરી લીધા. સ્મશાનો નાનાં પડ્યાં. હોસ્પિટલો ઊભરાઈ ગઈ. અજવાળાથી આકર્ષાઈને મરતી જીવાતની જેમ માણસોનાં મડદાંના ઢગ ખડકાઈ ગયા. એટલે ધાક તો જરૂર બેસી ગઈ, પણ રસીની ઢાલ મળતાં વળી પાછા બધા એ દુઃસ્વપ્નને સ્મૃતિ પટ પરથી ખંખેરી જીવનના રંગરાગ તરફ વળી ગયા. રસીકરણને કારણે હોય કે વાઈરસ થાક્યુંહોય - કોઈ અગમ્ય કારણસર ત્રીજી લહેરમાં લાગતો ચેપ વધારે ઝડપી મોત નીપજે છે, જે આમેય કો-મોર્બિડ હોઈ આજે નહીં તો કાલે નીપજવાનાં હતાં. અલબત્ત, કોરોના વાઈરસ હજી મૂછો આમળીને કહી શકે કે હું નબળો પડ્યાં છતાં ભોગ તો લઈ જ શકું છું! સરકારની સ્થિતિ વહુ અને વરસાદ જેવી થઈ ગઈ છે. પ્રતિબંધો મૂકે તો પ્રજાને ગમતું નથી ; ના મૂકે તો મોત ઝળૂંબી રહેલું દેખાય છે. ના છૂટકે એણે બુદ્ધની જેમ મધ્યમ માર્ગ અપનાવ્યો છે. પ્રતિબંધો ખરા પણ એટલા આકરા નહીં. જો કે ઓનપેપર બધું કડક જરૂર લાગે છે. હકીકતમાં પ્રજા કોરોનાને ભૂલી ચૂકી છે. છતાં પોલીસ પૈસા ના પડાવે એટલા ખાતર માસ્ક વળગાડીને ફરવામાં સલામતી માને છે. ધાક કોરોનાની તો મુદ્દલ રહી નથી : ધાક છે તો ખાખી વરદીની. એટલે કંકોતરીઓ છપાવવામાં પણ અવસર માંડી બેઠેલા ઘણા કારસા કરી રહ્યા છે. ડિજિટલ કંકોતરી છપાવે છે. વળી લગ્નપ્રસંગના કાર્યક્રમોનું વિભાજન કરીને એ મુજબ મહેમાનોને નોતરે છે. સરવાળે બધું સમેટાઈ જાય છે. કોઈને નોતરું નહીં મળ્યાનો અફસોસ નથી રહેતો. આપણી દેશી ગુજરાતીમાં કહેવત છે : ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠડા ! માણસ તે વળી કોઈને ગાંઠ્યો છે કે એ કોરોનાને અને સરકારને ગાંઠે ? સરકાર પણ આખરે તો માણસો જ બનાવે છે ને! ચૂંટણીઓ વખતે રાજકીય પાર્ટીઓને પણ આંખ આડા કાન કરીને રસીકરણની ઢાલને વધુ મજબૂત કરીને સરકાર જરૂર જશ લઈ શકે છે. એને ચૂંટણી મુદ્દો બનાવીને શાસક પાર્ટી સત્તામાં પુનરાવર્તન પણ કરી શકે છે. જો કે કોરોનાનો કોળિયો બની ગયેલાં કમનસીબ જીવોનું એમના પરિવારોમાં પુનરાગમન નથી થવાનું તે કરુણ વાસ્તવ ન જ ભૂલવો જોઈએ. સરકાર એવા પરિવારોને વળતર ચૂકવીને એમને આશ્વસ્ત કરી રહી છે. બાકી તો વિસ્મૃતિઓથી મોટું કોઈ વરદાન નથી. જો આ ત્રીજી લહેર શમ્યા પછી કોરોનાની સમાધિ ખોડાઈ જશે તો આવતી સાલની વસંત પંચમીએ ક્યારેક કોરોના આવેલું એટલુંય લોકોને યાદ નહીં હોય !

કોરોના થવાની ઘટનામાં મને હેટ્રીક થઇ...

આજે કેટલામો દિવસ છે ?

હેં !! ત્રીજીવાર ?

એને તમારા વિના ન ચાલે એટલો બધો ધરોબો ?

કેવા કેવા પ્રશ્નો !!! પ્રશ્ન પુછનાર અને ઉત્તર આપનાર બંન્ને હસતા હતા એનો અર્થ એ હતો કે ટેન્શન જેવું ન હતું, ડર ન હતો, પરંતુ ત્રીજીવારની ઘટના તો હતી જ. વલસાડ સ્થિત સ્વજન સોનલે તો કહી દીધું કે હવે એને કહો આ છેલ્લા જીવ્યા-મર્યાના જૂહાર, આવતા ભવે નહિને એકે ભવે પણ ના મળતા એમ કહી દયો હવે.

વાત મકરસંક્રાંતિ પછી મને થયેલા ત્રીજી વેળાના કોરોના પછીના સંવાદોની છે. જરાપણ બેદરકારી દાખવ્યાનું સ્મરણ નથી તોયે ત્રીજીવાર વિના નિમંત્રણે કોરોના મહેમાન થયો. બે દિવસ તાવ સિવાય કોઈ જ લક્ષણો નહિ, આમ પણ હવે બધા માટે એ શરદી-કફ જેમ નોર્મલ ગણાયો એટલે સાત દિવસનો ક્વોરેન્ટાઈન સમય તો જાણે રમતા રમતા પસાર થઈ ગયો.

ક્વોરેન્ટાઈન સમયે આપણને એ શીખવ્યું કે જેટલો ડર કોરોનાનો બોય છે એટલો જ ડર એકાંતને જીરવવાનો પણ હોય છે. કોઈને સલાહ આપતી વખતે એકાંતના ઉપયોગના અનેક સુચન થઈ શકે પણ પગતળે રેલો આવે ત્યારે સાચી સ્થિતિની આપણને ખબર પડે છે.

અલબત ત્રણવાર કોરોના થયો એ માઈલ્ડ જ રહ્યો ને તેથી કોમ્પ્લીકેશન વિના હું બહાર આવી ગયો એ પરમાત્માની કૃપા, પણ ત્રણવાર પોઝીટીવ રીપોર્ટસ... તો ખરા જ

૨૦૨૦માં હિમાંશુ જસ્મીન અને અમારો પરિવાર માર્ચમાં અંબાજી દર્શન કરીને માઉન્ટ આબુ ગય ત્યારથી જ વ્યક્તિગતરૂપે સેનેટાઇઝર તો જરૂરીયાત બની જ ગયા હતા. એ પછી તો સમગ્ર વિશ્વમાં લોકડાઉનને ચારેબાજુ ભયનો માહૌલ આપણે જોયો.

જીવનમાં ક્યારેય કલ્પના ના કરી હતી એવા દિવસો, એવી ઘટના જોયા... સહુએ પોતપોતાની ક્ષમતા મુજબ અર્ધકચરી વાતો પણ ફેલાવી અને કેટલાકે સેવાનો યજ્ઞ પણ આરંભ્યો. દર્દી દેવો ભવનું સૂત્ર સાર્થક થયુંને માનવતાના દીવડા ગામેગામ પ્રગટ્યા.

મારો પરિવાર અને દોસ્તો કહે છે એમ મેં પણ ઓવર મેડીકેશન નવેમ્બર ૨૦૨૦માં દિવાળીના દિવસોમાં મને પહેલીવાર કોરોના થયો. થોડું વાંચન વધુ ઈષ્ટ દેવનું સ્મરણ કહ્યું... હોમ ક્વોરેન્ટાઈન માંથી બહાર આવ્યો ત્યારે જાણે કોઈ નવી જ જીંદગી મા આવ્યા હોય એવી ફીલ હતા.

એ પછી બધું નોર્મલ થયું કાર્યક્રમો પણ કર્યા. RJ તરીકેની Top FM ની કામગીરીનો પહેલી લહેરમાંયે ઘરેથી કરી જ હતી... ને મે-૨૦૨૧મા મારા સહિત પરિવારના ચાર સભ્યોને કોરોના થયો. આ વખતે ભય ઓછો હતો. કારણ કે બે વેક્સીન લઇ લીધી હતી. વળી એક જ ફ્લેટમાં ચાર દર્દી સાથે હતા. એ સમય પણ ગયોને ફરી કોરોના એ ઝાલ્યો ૨૦૨૨ જાન્યુઆરીમા ઉત્તરાય પછી. આ વખતે તો સાવ નોર્મલ રીતે દિવસો પસાર થઇ ગયા, પાંચ સાત દિવસમાં માત્ર બે દિવસ થોડો તાવ સિવાય કોઇ ચિન્હ પણ નહિ એટલે આ સમયમાં ખુબ લખાયું .

ક્વોરેન્ટાઈન સમયનો એક રોમેન્ટીક અનુભવએ રહ્યો કે (વાચકો પૈકીના કેટલાકે પણ આવો અનુભવ કર્યો જ હશે) મારી અને પત્ની મનીષાની વચ્ચે બારણાની આરપાર અઢળક વાતો થઈ, મીઠા સંબોધનો થયો, મારે કંઇ જોઇતું હોય કે એને કંઇ આપવું હોય પહેલા નામ ઉચ્ચારાય..ને પછી સંવાદ થાય... ક્યારેક તો આ રીતે બારણાની ઉત્તર-દક્ષિણ દિશાએ બેસીને અમે કલાક કલાક વીતેલા વર્ષોના પ્રસંગો અને સ્મરણો પણ યાદ કર્યા ને ભાવિ જીવનના સપના પણ જોયા.

કોરોના થવાની ઘટનામા મને હેટ્રીક થઇ, અલબત આનંદની વાત તો નથી જ પરંતુ સ્વભાવ મુજબ જો એમાંથી પણ પોઝીટીવીટી શોધું તો અનુભૂતિ થાય છે કે ઈષ્ટદેવા આદ્યશક્તિ માતા અને કુળદેવી માતા, મારા સદગુરુ, માતા-પિતા અને વડિલોના આશીર્વાદ કે પરિવાર અને સ્નેહીજનોની શુભકામનામાં મારી શ્રદ્ધા વધી. પળપળ જીવવું છે. કલમ અને અવાજથી ખુબ વધુકામ સ્વજનો સાથે દુનિયા ફરવી છેને નકરી મૌજ કરવી છે, એ ભાવદ્રઢ થયો ભરોસાનો દીવડો વધુ તેલ પુરાતા વધુ પ્રકાશ આપતો થયો ને મેં અજવાળા ઝીલ્યા...

દિન મહિમા

● ૧ ફેબ્રુઆરી ૨૦૦૩: કલ્પના ચાવલા, ભારતીય અમેરિકન અવકાશ યાત્રીનું અવસાન થયું હતું.

આજનું

ઔષધ

● કોઠીના પાનની પાંચ ગ્રામ ચટણી દહીંમાં મેળવી સવાર, બપોર, સાંજ લેવાથી નવો કે જુનો મરડો મટે છે.

ખડખડાટ

● એક વાર બાપુ બેંકમાં પૈસા જમા કરવા ગયા
ઓફિસરઃ નોટ ફાટેલી છે,બીજી આપો
બાપુ : હું મારા એકાઉન્ટ માં જમા કરાવું છું ફાટેલી હોય કે નવી તારે શું?

આજનો

વોટ્સએપ

● દરેક પળ માં પ્રેમ છે અને દરેક ક્ષણમાં ખુશી છે...
ખોઇ બેસો તો યાદ છે અને જીવી લો તો જીંદગી છે..!

ચાલો, આડા દિવસે અમસ્તા જ કોઈ પ્રસંગ વગર જ ગાંધીજીને યાદ કરીએ

મધરાત વીત્યા પછી
શહેરનાં પાંચ પૂતળાં
એક ચોતરા પર બેઠાં
અને આંસુ સારવા લાગ્યાં.
જ્યોતિબા બોલ્યા,
છેવટે હું થયો
ફક્ત માળીનો.
શિવાજીરાજા બોલ્યા,
હું ફક્ત મરાઠાનો.
આંબેડકર બોલ્યા,
હું ફક્ત બૌદ્ધોનો.
ટિળક ઉદગર્યા
હું તો ફક્ત ચિત્પાવન બ્રાહ્મણોનો.
ગાંધીએ ગળાનો ડૂમો સંભાળી લીધો
અને તે બોલ્યા,
તોયે તમે નસીબદાર
એક એક જાતજમાત તો
તમારી પાછળ છે.
મારી પાછળ તો
ફક્ત સરકારી કચેરીની દીવાલો.
- વિ.વા. શિરવાડકર "કુસુમાગ્રજ"

ગાંધીજીને યાદ કરવા માટે આમ તો કોઈ પ્રસંગની આવશ્યકતા હોવી ન જ જોઈએ. અને માટે જ ઈરાદાપૂર્વક આજે આડા દિવસે તેમને યાદ કર્યા છે.. ગાંધીજી વિશે આપણે ત્યાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય ઉપલબ્ધ છે. ઘણા સ્મારકો, અઢળક સંગ્રહાલયો, આશ્રમો તેમની કથા,તેમના વિચાર જણાવવા માટે છે જ. પણ તોયે આપણે રૂઢિગત વાતોથી ખરેખર તેમને ક્યાં પામી શક્યા છીએ!!! કોઈ માત્ર પોતડી પહેરીને અને હાથમાં લાકડી લઈને આવી સાવ સત્યાગ્રહ, ઉપવાસ અને પગપાળા ચાલી ચાલીને મીઠું ઉચકવા જેવા સાદા સરળ કામ કરે રાખે અને ભારત જેવા દેશને આઝાદી અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા આપે ભજવી હતી,તે તો અકલ્પનીય છે.

પણ ખરી વાત એ છે કે ગાંધીજી ત્યારે જેટલા પ્રસ્તુત હતા તેટલાં જ આજે પણ પ્રસ્તુત છે, કદાચ તે સમય કરતા વધુ પ્રસ્તુત અત્યારે છે.

બાપૂએ સ્વરાજની લડાઈને જન-આંદોલન બનાવી દીધું,અને તેમનું જન-આંદોલન માત્ર અંગ્રેજ સરકાર હટાવવા માટે જ નહીં પરંતુ સંપૂર્ણ વ્યવસ્થા બદલવા માટે અને સમાજનાં અંતિમ વ્યક્તિ સુધી પહોંચીને તેને જોડવા સુધીની યાત્રા હતી.

સ્વતંત્રતા પછી આપણે પોત-પોતાના નેતા પસંદ કરી લીધા. અને નવા નવા વાડા રચી દીધા.

પ્રસ્તુત કવિતામાં કવિ ખૂબ સુંદર રીતે ગાંધીજીની મનોવેદના વ્યક્ત કરે છે. જ્યારે બીજા બધા નેતા-મહાનુભાવ પોત-પોતાની વેદના વ્યક્ત કરતા કહે છે કે અમારી પાછળ તો એક એક સમાજ અથવા કોઈ ચોક્કસ વર્ગ જ છે.

અને ત્યારે ગાંધીજી બોલી ઉઠે છે કે તમારી પાછળ કોઈ ને કોઈ સમાજ કે વર્ગ તો છે..જ્યારે મારી પાછળ તો માત્ર સરકારી દિવાલો જ છે. કેવો હૃદય સોંસરવો સવાલ છે?

ખરેખર ગાંધીજીને તો સત્તાધારી પક્ષ કે વિપક્ષ માત્ર વટાવી દેવા માટે જ ઊપયોગ કરે છે. દયનીય સ્થિતિ છે. પણ બાપુ,તમને ખબર છે!! તમારો જન્મ દિવસ આવે એટલે બધાને ભૂત ધૂણતુ હોય તેમ તમે યાદ આવો છો.

શું ગાંધીજીના જન્મદિને રજા આવે તે જ તેમની યાદ છે?

શ્રી હરીન્દ્ર દવેની પંક્તિઓ છે ને,

''આજ બાપૂનો જન્મદિન
જ્યારથી સરકાર પાળે છે રજા ત્યારથી કેમેય ભૂલાતો નથી.''

નાના હતા ત્યારે સ્કૂલમાં અડધી આંખો ખુલ્લી રાખીને પરાણે તમારા નિર્વાણદિને પ્રાર્થના કરવા ઊભા રહેતા...ગુજરાતીમાં નિબંધ પુછાતો લ્રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી' અને અમે પોપટિયા જ્ઞાનને કાગળ પર ઠાલવીને માર્ક લઈ આવતા. થોડા સમજણાં થયા પછી સમજાયું કે દરેક ચલણી નોટ પર તમારો ફોટો છે, ત્યારબાદ દરેક સરકારી ઓફિસોમાં તમને દિવાલો પર ટીંગાતા જોયા..અમે તમને જાણીએ છીએ,સમજતા નથી... કારણ કે, તમારા ગયા પછી કહેવાતા ગાંધીવાદી,ખાદીવાદી, ટોપીવાદી, રેંટીયાવાદી, અને અહિંસાવાદી આ બધાએ છેલ્લે તો 'અમથાવાદ' જ ફેલાવ્યો હતો. તમારું નામ વટાવી વટાવીને નેતાઓએ છેલ્લે તો પોતાના જ ઘર ભર્યા છે.

ખાસ કરીને મોટાભાગની નવી પેઢીએ તો તમને ચાર રસ્તે લાકડી લઈને ઊભા રહેતા,ચલણી નોટો પર અને સરકારી કચેરીની દિવાલો પર બાવા-જાળાવાળી છબીઓમાં જ જોયા છે. તમે મહાન હતા અને છો, એમાં શંકાને કોઈ સ્થાન નથી. પરંતુ તમારી કેળવણી માં એવી કંઈ કચાશ રહી ગઈ કે તમારા so called અનુયાયીઓમાં મોટેભાગે દંભ જ વરતાય છે!!

એક રીતે સારું છે કે તમે રામના દરબારમાં જઈને બેઠા છો. તમને તો ખબર જ હશે કે તમારી નજર સામે જ તમને અવગણી ને પણ તે સમયે દેશની હાલત બગાડતા નેતા હતા ત્યારે તમે લાચાર હતા...તમે હતા ત્યારે તમારી બે આંખની શરમ નહીં ભરનારા તમારા ગયા પછી તો છાકટા થયા છે.

દેશના દરેક ચાર રસ્તે તમને ઊભા રાખી દીધા છે, અને તે ચાર રસ્તે તમારા પૂતળા નીચે જ ટ્રાફિક નિયમ તોડનાર અને બનાવનાર વચ્ચે પતાવટ ચાલતી હોય છે.તમારા નામ પર સ્કૂલો ખૂલે છે પણ અંદર પ્રવેશ મેળવવા માટે ડોનેશન આપવું પડે છે. ન્યાયાલયમાં તમારા ફોટા મોટી મોટી ફ્રેમમાં લગાવવામાં આવે છે..પણ ત્યાં ચાલતો એક પણ કેસ પૈસાની કે જુઠ્ઠાણાની દરમિયાનગીરી વગર પતતો નથી.

તમારા નામે દેશમાં જે કાંઈ ચાલે છે તેમાં તમારા બતાવેલા સત્ય, અહિંસા અને સાદગી સિવાય બધું છે. નવી પેઢી વિશ્વાસ કરે તો ક્યાંથી કરે? એણે તો તમારા નામે ચાલતો નર્યો દંભ જ જોયો છે.

આ તો ભલુ થજો કે 'દાંડી કુટિર'' જેવું અતિ આધુનિક શૈલીનું સ્મારક બની ગયું અને તેમા ૩ઙ અને અલ્ટ્રાસાઉન્ડ તકનીકથી તમારું જીવન રસપ્રદ રીતે બતાવવાનુ શરૂ થયું છે, તો બાળકો અને યુવાઓને પણ તમારામાં રસ ઉત્પન્ન થાય છે, માત્ર પૂજ્યભાવ નહીં સમજણ સાથેનો આદરભાવ પણ પ્રગટી રહ્યો છે.

તમને અમારી પર ગર્વ થાય એમ અમે તમારી ૧૫૦મી જન્મશતીમાં સ્વચ્છતા અભિયાનને એવી રીતે જોડી દીધું છે કે છેલ્લા પાંચ વર્ષમાં ખરેખર સ્વચ્છાગ્રહી તો અમે બની જ શક્યા છીએ. તકિયાનૂસી રેંટિયાની ગોળ ગોળ વાતો નહીં પણ એ જ રેંટિયાની યુટિલીટિ બતાવતી વાત સમજાવીને નવા દષ્ટિકોણથી તમને અને તમારી કાલજયી વાતોને સમજીને સ્વીકારીશું તો એ ખરા અર્થમાં તમને હરરોજ અપાતી શ્રદ્ધાંજલિ હશે.

- jayuoza@gmail.com, Mo.9898046488

HMV રેકોર્ડ ઉપર ગ્રામોફોનમાં મોઢુ નાખીને બેઠેલા પેલા શ્વાન પાછળની દર્દનાક કહાની



સંગીત શબ્દનો સંસ્કૃત ભાષામાં શાસ્ત્રાર્થ સમ ગીત થાય છે. સંગીત શબ્દ સ્વયં એક આહલાદ આપે એવો શબ્દ છે. સમ્યક પ્રકારેણ ગીયતે ઈતિ સંગીત. મહાકવિ કાલિદાસે તેમના મહાકાવ્યગ્રંથ અભિજ્ઞાન શાકુતલમાં સંગીતની પરિભાષા વર્ણવતા લખ્યું છે કે, ગીતં, વાદ્યં નર્તન, ચ ત્રયં સંગીતમુચ્યતે એટલે ગીત, વાજીંત્ર અને નૃત્ય ત્રણેયનું સુયોગ્ય સામંજસ્ય હોય એને સંગીત કહેવાય. સંગીતદર્પણમાં પંડિત દામોદરજીએ સંગીત વિશે જણાવ્યું છે, 'ગીત વાદિન નૃત્યાંના રક્તિઃ સાધારણ ગુણઃ અતો રક્તવિહીન યત્ન તત સંગીતમ ઉચ્યત. પંડિતજીના આ શબ્દોનો સરળ અર્થ છે, ગીત, વાદન અને નૃત્ય ત્રણેયનો એક સર્વસામાન્ય ગુણધર્મ મનોરંજન છે.

સંગીતની વાત નીકળે અને વિશ્વપ્રસિદ્ધ રેકોર્ડ કંપની હીઝ માસ્ટર્સ વોઈસની યાદ ન આવે એ શક્ય ન બને. એચએમવી કંપનીનો લોગો યાદ છે ? માઈક્રોફનમાં મોઢું ખોસીને તલ્લીન થઈને સાંભળતો પેલો શ્વાન. યાદ આવ્યું ને ! એચએમવીના આ લોગો પાછળની એક રસપ્રદ કહાની છે. સને ૧૮૯૮ પહેલા એચએમવી કંપની ધ ગ્રામોફોન કંપની તરીકે ઓળખાતી. આ બ્રિટીશ કંપની હતી. એ જમાનામાં ફ્રાન્સિસ નામનો જાણીતો ચિત્રકાર એના ભાઈ માર્ક સાથે લંડનમાં રહે. ફ્રાન્સિસને પઈન્ટિંગનો અને માર્કને ગાવાનો જબરો શોખ. માર્ક હંમેશા પોતાના અવાજમાં કંઈક ગાતો રહે અને એને રેકોર્ડ કરતો રહે. માર્ક પાસે એક ફોનોગ્રામ હતું. સમયાંતરે ફોનોગ્રામમાં પોતાના ગીતો માર્ક સાંભળે. માર્ક પાસે એક નિપર નામનો શ્વાન. આ નિપર માર્કનો જીગરજાન દોસ્ત હતો. માર્ક બિમાર પડ્યો અને થોડા સમયમાં એનું અવસાન થઈ ગયું.

માર્કનો ફોનોગ્રામ હવે તેના ભાઈ ફ્રાન્સિસ પાસે રહેતું. જ્યારે ભાઈ માર્કની યાદ આવે ત્યારે ફ્રાન્સિસ ફોનોગ્રામમાં માર્કે રેકોર્ડ કરેલા ગીતો સાંભળે. ફ્રાન્સિસ જેવું ફોનોગ્રામ શરૂ કરે અને માર્કનો અવાજ સંભળાય એટલે શ્વાન નિપર જ્યાં પણ હોય ત્યાંથી દોડતો આવી ફોનોગ્રામના ભુંગળા સામે ગોઠવાઈ જાય. એક ચિત્તે નિપર માર્કનો અવાજ સાંભળે જાય. ફ્રાન્સિસે આ દ્રશ્ય તેના બ્રશ અને કલરથી કેનવાસ ઉપર જીવંત કર્યું. એણે ચિત્રનું નામ આપ્યું હીઝ માસ્ટર્સ વોઈસ. ત્યાર બાદ બે ત્રણ વર્ષો પછી નિપર પણ મૃત્યુ પામ્યો.

ચિત્ર તૈયાર થયા પછી ફ્રાન્સિસને લાગ્યું કે, આ ચિત્ર સંગીતને લગતું



હોઈ મ્યુઝિક કંપનીઓને ઉપયોગી થઈ શકે છે. એણે એક પછી એક ઘણી મ્યુઝીક કંપનીઓને આ ચિત્ર બતાવ્યું. બધી કંપનીઓને ચિત્ર ખૂબ ગમ્યું. પણ સાથે સાથે ગ્રામોફોન સામે શ્વાન જોઈને હસતા અને ફ્રાન્સિસની ઠેકડી ઉડાવતા. જો કે ફ્રાન્સિસ તેના ઈરાદાઓમાં મક્કમ રહ્યો હાર્યો નહીં. એણે છેલ્લે બ્રિટનની જાણીતી મ્યુઝિક કંપની ધ ગ્રામોફોનનો સંપર્ક કરીને તેના માલિકોને આ ચિત્ર બતાવ્યું. તેણે ચિત્રની હકીકત વર્ણવી કે, 'સ્વર્ગસ્થ મારા પ્રિય ભાઈ માર્કનો આ શ્વાન નિપર તેના માલિકના અવાજનો દિવાનો હતો. માર્કના અવસાન પછી જ્યારે પણ ફોનોગ્રામ ઉપર એ માર્કના ગીતો સાંભળવા ફોનોગ્રામ ચાલુ કરે ત્યારે માલિક માર્કના ગીત સાંભળવા નિપર જ્યા હોય ત્યાંથી દોડતો આવીને ફોનોગ્રામની સામે આ રીતે બેસી જાય. એટલે મને આ ચિત્ર દોરવાની પ્રેરણા મળી અને એનું નામ હીઝ માસ્ટર્સ વોઈસ રાખ્યું છે.'

ધ ગ્રામોફોન કંપનીના માલિકોને ચિત્ર અને એનો કોન્સેપ્ટ ગમી ગયો. ૧૦૦ પાઉન્ડમાં આ ચિત્ર ધ ગ્રામોફોન કંપનીએ ખરીદી લીધું ખરૂ પરંતુ કંપનીએ ચિત્ર ખરીદ્યા પછી આઠ વર્ષ સુધી એનો ઉપયોગ ન કર્યો ચિત્રને મૂકી રાખ્યું. કંપની અસમંજસમાં હતી કે, આ ચિત્રનો ઉપયોગ કરીશુ અને લોકો કદાચ એમ વિચારશે કે આટલા મોટા ગાયકો અને સંગીતકારો કંપની પાદે છે એમને છોડીને એક શ્વાનને કેમ કંપનીએ મૂક્યો છે ? તો એનો શો જવાબ આપીશું ? આખરે સને ૧૯૯૮માં ધ ગ્રામોફોન કંપનીએ ભૂંગળા સામે બેઠેલા નિપર શ્વાનના ચિત્રને કંપનીના લોગો તરીકે ઉપયોગમાં લીધો. એટલું જ નહીં કંપનીએ એનું નામ ધ ગ્રામોફોન કંપની બદલીને હીઝ માસ્ટર્સ વોઈસ, એચએમવી કરી દીધું. પછી તો એચએમવીના શ્વાન નિપરવાળા લોગો અને કંપનીના નામની વિશ્વભરમાં ધૂમ મચી ગઈ. એ જમાનામાં મ્યુઝિક કંપનીઓમાં એચએમવી શહેનશાહ ગણાવા લાગી.

સંગીત સાથે સંકળાયેલી માર્ક અને શ્વાન નિપરની આ વાત સંગીતના સામર્થ્ય અને આહલાદને અભિવ્યક્ત કરવા માટે પૂરતી છે. નાઉ બેક ટુ મ્યુઝિક મેજીક. ભારતીય મહાદ્વિપની વાત કરીએ તો વેદકાલીન સમયથી સંગીતના ઉલ્લેખો જોવા મળે છે. સંગીતના મૂળ સ્ત્રોત વેદ છે. હિન્દુસ્તાની સંસ્કૃતિમાં એવી માન્યતા છે કે, બ્રહ્માજીએ નારદમુનીને સંગીતનું વરદાન આપી નવાજ્યા છે. સામવેદમાં વૈદિક સપ્તક અનુસાર સાત સ્વરો છેડાતા હતા. જો કે એ પણ સત્ય છે કે, પ્રાચીન વૈદિક સમયગાળા દરમિયાન ઉપયોગમાં લેવાતા સંગીતનું કોઈ લેખિત પ્રમાણ આજે ઉપલબ્ધ નથી. ષડજ (સા), ઋષભ (રે), ગંધાર (ગ), મધ્યમ (મ), પંચમ (પ), ધૈવત (ધ) અને નિષાધ (નિ) એમ સા,રે,ગ,મ,પ,ધ,નિ સાત શુદ્ધ સ્વર ભારતીય સંગીતની દેન છે.

ઘણી જગ્યાએ સંગીતનો હેલ્થ થેરેપી તરીકે ઉપયોગમાં લઈને આરોગ્ય વિષયક થતા ફાયદાઓના પણ ઉદાહરણો જોવા મળ્યા છે. સંગીતને આરોગ્ય ઉપચાર તરીકે ઉપયોગમાં લઈ શકાય ખરું એવો સહજ પ્રશ્ન જરૂર થાય. આ પ્રશ્નનો જવાબ હકાર કે નકારમાં આપી શકાય એટલું સરળ નથી. અકસ્માત થાય અને પગમાં સળીયો ઘૂસી જાય ત્યારે તબીબ પાસે જઈને તે ઓપરેશનથી દૂર કરી ટાંકા લેવા જ પડે. સંગીતથી સળીયો બહાર ખેંચી ન શકાય. પરંતુ એવા ઘણા રોગ છે જેમાં સંગીત થેરાપી સરસ અસર કરી શકે છે. સાંધાના દુખાવો, લોહીનું ઉચુ દબાણ, હૃદયના ધબકારાની અનિયમિતતા વગેરેમાં સંગીત થેરાપીની અસર ચોક્કસ જોવા મળી છે.

વ્યક્તિના મનમાં છૂપાયેલા અનેક સત્યો કે, જેની જાણ વ્યક્તિને નથી હોતી એવી બાબતો બહાર ખેંચી લાવીને સ્વયં સાથે મુલાકાતનો અવસર સંગીત આપે છે. સૌ કોઈએ અનુભવ્યું જ હશે કે, જ્યારે એમનું મન અશાંત હોય ત્યારે પ્રિયપાત્ર કે મનપસંદ સંગીત શાંતિ આપી પુનઃ પ્રફુલ્લીત બનવામાં મદદરૂપ બન્યું હોય. એમ કહી શકાય કે, પ્રિયપાત્ર અને મનપસંદ સંગીત બન્નેની ભૂમિકા એક સરખી છે. એક રીતે જોવામાં આવે તો, એ પણ હકીકત છેને કે, પ્રિયપાત્ર પરમાત્માના દર્શન મનપસંદ સંગીત આરતી અને આરાધનામાં ઉજાગર થતા જોવા મળે છે.

ધબકાર :

તમે સંગીતને સ્પર્શી નથી શકતા પરંતુ સંગીત તમને જરૂર સ્પર્શી જાય છે.